**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN: 2581-6241 Volume - 4, Issue - 6, June - 2021
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 3.871
Received on : 05/06/2021 Accepted on : 20/06/2021 Publication Date: 30/06/2021

# કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા શ્રમિકોની આર્થિક-સામાજિક સ્થિતિનો અભ્યાસ (પોશીના તાલુકાનાં દંત્રાલ ગામના સંદર્ભમાં)

**આશા આર. પ્રજાપતિ**
**પીએચ.ડી. સ્કૉલર, (અર્થશાસ્ત્ર), હે.ઉ.ગુ.યુનિ., પાટણ**

**સારાંશ :** વૈશ્વિક ફલક પર ભારત એક કૃષિપ્રધાન દેશ તરીકેની ખ્યાતિ ધરાવે છે. ભારતની કુલ વસ્તીના ૭૦% વસ્તી ખેતી પર નિર્ભર છે. ભારતમાં ગ્રામીણ વિસ્તારનાં લોકોની આજીવિકાનો આધાર કૃષિ પર રહેલો છે. આથી કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા ખેતમજૂરોનો અભ્યાસ અનિવાર્ય બની રહે છે. ખેતમજૂરોની આર્થિક-સમાજિક સ્થિતિ જાણવી જરૂરી છે. જેનાં અનુસંધાનમાં પ્રસ્તુત સંશોધન અભ્યાસ અંતર્ગત પોશીના તાલુકાનાં દંત્રાલ ગામમાં કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા શ્રમિકોની આર્થિક-સામાજિક સ્થિતિનો અભ્યાસ કરવામાં આવ્યો છે. આ અભ્યાસમાં કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા શ્રમિકોમાં સ્ત્રી-પુરૂષને લગતા પ્રશ્નો જેવા કે ખેતમજૂરી પ્રમાણ, કામના કલાકો, વેતન પ્રમાણ, આરોગ્ય, શિક્ષણ, પ્રાથમિક જરૂરિયાતો, આવક પ્રમાણ, બચત પ્રમાણ વગેરેને આવરી લેવામાં આવ્યા છે. આ અભ્યાસ થકી મેળવેલ પ્રાથમિક માહિતીનું પૃથ્થકરણ કરીને જે ક્ષતિઓ કે મર્યાદાઓ જોવા મળી છે તે આધારે ભાવિ સંશોધન અંગેનો ખ્યાલ રજૂ કરવામાં આવ્યો છે.

**મુખ્ય શબ્દો :** કૃષિક્ષેત્ર, ગરીબી, ખેતમજૂરી, આવક, બચત, રોજગારી, બેકારી, અર્થતંત્ર.

## 1. પ્રસ્તાવના :

ભારતમાં વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે દેશની કુલ વસ્તી ૧.૨ અબજ હતી, જેમાંથી આશરે ૨૨.33 મિલિયન વસ્તી કૃષિક્ષેત્ર પર આધાર રાખે છે. ત્યારબાદ ગૌણ ક્ષેત્રમાં ૧૧૦.૭ મિલિયન અને ૧૨૭.૮ મિલિયન ત્રીજા ક્ષેત્રમાં જોવા મળી હતી. ભારતને વિશ્વ ફલક પર ખેતીપ્રધાન દેશ તરીકે ખ્યાતિ ધરાવે છે. ભારતના ગ્રામીણ વિસ્તારના ખેડૂતો અને ખેતમજૂરો વર્ષોથી ખેતી સાથે સંકયાળેલા છે. તેથી ભારતીય ખેતીને કૃષિઅર્થતંત્રની કરોડરજ્જૂ કહેવામાં આવે છે. કારણ કે દેશની કુલ વસ્તીના ૭૦% લોકો આજીવિકા માટે ખેતી પર નિર્ભર છે. ભારતમાં કૃષિક્ષેત્રને મુખ્ય ત્રણ વર્ગોમાં વર્ગીકૃત કરવામાં આવે છે જેમ કે (૧) ખેડૂત (૨) કૃષિમજૂર અને (૩) કામદારો. પરંપરાગત રીતે ખેતમજૂરી એ ઉત્પાદનના સૌથી મહત્વપૂર્ણ પરિબળ છે. ભારતમાં સૌથી મોટોવર્ગ કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલો છે. અગાઉ જોયા પ્રમાણે કુલ વસ્તીના ૭૦% વસ્તી કૃષિક્ષેત્ર પર નિર્ભર છે. તેમજ ભારતની કુલ વસ્તીનો મોટોભાગ ગ્રામીણ વિસ્તારમાં રહે છે. ભારતમાં ગ્રામીણ વિસ્તારનો મુખ્ય આધાર ખેતી છે. માટે જ કૃષિને ગ્રામીણ જીવનની આજીવિકા કહેવામાં આવે છે.

## 2. સંશોધન અભ્યાસના હેતુઓ :-

પ્રસ્તુત સંશોધન અભ્યાસ અંતર્ગત કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા ખેતમજૂરોની આર્થિક-સામાજિક સ્થિતિનો અભ્યાસ કરવામાં આવ્યો છે. જેમાં ખેતમજૂરોને ખેતીમાંથી પ્રાપ્ત થતું આવક પ્રમાણ, વેતન પ્રમાણ, બચત, રોજગારી પ્રમાણ, આર્થિક સહાય, મિલકત વિષયક વગેરે બાબતોને આવરી લેવામાં આવી છે. સંશોધન અભ્યાસમાં વિષયને અનુરૂપ કેટલાક ઉદ્દેશો રજૂ કરવામાં આવ્યા છે.

(૧) કૃષિશ્રમિકોને કામના કલાકો સામે યોગ્ય વેતન મળે છે કે નહીં તેનો અભ્યાસ કરવો.
(૨) કૃષિશ્રમિકો અંતર્ગત સ્ત્રી અને પુરૂષને સમાન વેતન મળવાપાત્ર છે કે નહીં તેનો અભ્યાસ કરવો.
(૩) કૃષિશ્રમિકોમાં આવક સામે બચતના પ્રમાણનો અભ્યાસ કરવો.
(4) કૃષિશ્રમિકોમાં શિક્ષણનું પ્રમાણ કેટલું છે તેનો અભ્યાસ કરવો.
(૫) કૃષિશ્રમિકોની આર્થિક-સામાજિક સ્થિતિનો અભ્યાસ કરવો.
(૬) કૃષિશ્રમિકોમાં સરકારી યોજનાઓની જાણકારીનો અભ્યાસ કરવો.

## 3. સંશોધન અભ્યાસની પરિકલ્પના :-

સંશોધન અભ્યાસ માટે પરિકલ્પના અતિમહત્વનું સ્થાન ધરાવે છે. પરિકલ્પના દ્વારા પ્રસ્તુત અભ્યાસને કેન્દ્ર સ્થાને રાખીને અંદાજ મૂકવામાં આવે છે. તેમજ મેળવેલ પ્રાથમિક અને ગૌણ માહિતીનું પૃથ્થકરણ કરી તેની ચકાસણીને આધારે તારણો અને સૂચનો રજૂ કરવામાં આવે છે જે ભાવિસંશોધન માટે મહત્વના પુરવાર થાય છે.

(૧) કૃષિશ્રમિકોમાં શિક્ષણનું પ્રમાણ ઓછું જોવા મળે છે.
(૨) કૃષિશ્રમિકોમાં આવકનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

(૩) કૃષિશ્રમિકોમાં બચત પ્રમાણ ઓછું જોવા મળે છે.
(૪) કૃષિશ્રમિકોમાં મિલકતનું પ્રમાણ ઓછું જોવા મળે છે.
(૫) કૃષિશ્રમિકોમાં સરકારી યોજનાઓની માહિતીનો અભાવ જોવા મળે છે.

## 4. સંશોધન પદ્ધતિ :-

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં પ્રાથમિક અને ગૌણમાહિતીના આધારે માહિતી એકત્રિત કરવામાં આવી છે. જેમાં પ્રાથમિક માહિતી પોશીના તાલુકાનાં દંત્રાલ ગામના કૃષિશ્રમિકોની રૂબરૂ મુલાકાત લઈને પ્રશ્નોત્તરી દ્વારા માહિતી એકત્રિત કરવામાં આવી છે. જ્યારે ગૌણ માહિતી એ સંશોધન અભ્યાસ અંતર્ગત સમાહિક, વર્તમાનપત્રો, સંદર્ભો અને ઇન્ટરનેટના માધ્યમ દ્વારા એકત્રિત કરવામાં આવી છે.

### 4.1 નમૂના (સેમ્પલ) પસંદગી :-

પ્રસ્તુત સંશોધન અભ્યાસ પોશીના તાલુકાના દંત્રાલ ગામના કૃષિમજૂરો પર કરવામાં આવ્યો છે. પોશીના તાલુકાનાં દંત્રાલ ગામમાં કૃષિમજૂરો પૈકી ૫૦ કૃષિમજૂરોને યદ્દચ્છ નિર્દેશન પદ્ધતિથી પસંદ કરવામાં આવ્યા છે. પસંદ કરેલા ખેતમજૂરો પાસેથી પ્રાથમિક માહિતી પ્રશ્નાવલી સ્વરૂપે રૂબરૂ મુલાકાત લઈને એકત્રિત કરવામાં આવી છે. એકત્રિત કરેલ માહિતીનું પૃથ્થકરણ કરી તેનાં તારણો અને સૂચનો રજૂ કરવામાં આવ્યા છે. જે ભાવિસંશોધન માટે માર્ગદર્શક બની રહેશે.

### 4.2 માહિતીનું પૃથ્થકરણ (પરિકલ્પના ચકાસણી) :-

પ્રસ્તુત સંશોધન અભ્યાસ અંતર્ગત પોશીના તાલુકાના દંત્રાલ ગામના કૃષિશ્રમિકો પાસેથી મેળવેલ પ્રાથમિક માહિતીના આધારે પૃથ્થકરણ કરી પરિકલ્પનાની ચકાસણી કરવામાં આવેલ છે.

- **કૃષિશ્રમિકોમાં શિક્ષણનું પ્રમાણ ઓછું જોવા મળે છે.**

પ્રસ્તુત સંશોધન અભ્યાસ અંતર્ગત મેળવેલ પ્રાથમિક માહિતીના આધારે કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા શ્રમિકોમાં શિક્ષણનું પ્રમાણ જોતાં કુલ શ્રમિકો પૈકી મોટાભાગનાં ૨૪% થી ૩૨% શ્રમિકો ઉચ્ચ.માધ્યમિક અને કોલેજ સુધીનો અભ્યાસ ધરાવતા હતા. જ્યારે ૨૦% શ્રમિકો માધ્યમિક સુધીનો અભ્યાસ ધરાવતા હતા. આમ, સંશોધન અભ્યાસ પરથી સ્વીકારેલ પરિકલ્પનાનો અસ્વીકાર થાય છે. કારણ કે કૃષિક્ષેત્રમાં રોકાયેલા શ્રમિકોમાં શિક્ષણનું પ્રમાણ એકંદરે સારું જોવા મળ્યું છે. કારણ કે વર્તમાનમાં બેરોજગારીને કારણે શિક્ષિત વર્ગ પણ કૃષિક્ષેત્રમાં જોડાયો છે. તેમજ સરકાર દ્વારા મફત શિક્ષણ કરવાથી ગ્રામીણ વિસ્તારોમાં શિક્ષણના પ્રમાણમાં નોંધપાત્ર વધારો થવા પામ્યો છે.

**(શિક્ષણ પ્રમાણ)**




- **કૃષિશ્રમિકોમાં આવકનું પ્રમાણ ઓછું જોવા મળે છે.**

પ્રસ્તુત સંશોધન અભ્યાસ અંતર્ગત મેળવેલ પ્રાથમિક માહિતીના આધારે કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા શ્રમિકોમાં આવક અંગેની માહિતી જોતાં કુલ શ્રમિકોમાંથી સૌથી વધુ ૩૮.૬% શ્રમિકો વાર્ષિક ૩૬ હજાર થી ૪૫ હજાર સુધીની આવક ધરાવતાં હતા, જ્યારે ૨૨.૭% શ્રમિકો ૪૬ હજાર થી ૫૫ હજાર સુધીની આવક ધરાવતાં હતા. તેમજ ૨૫% શ્રમિકોને વાર્ષિક આવક વિષેની કોઈ જાણકારી ધરાવતાં ન હતા. માત્ર ૯.૧% શ્રમિકો કે જેઓ કૃષિક્ષેત્ર સિવાય અન્ય ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા તેમની વાર્ષિક આવક ૮૦ હજાર થી વધુ જોવા મળી હતી. આમ, સંશોધન અભ્યાસના આધારે કહી શકાય કે કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા શ્રમિકોમાં આવકનું પ્રમાણ ઓછું જોવા મળ્યું હતું.

**(આવક પ્રમાણ)**




- **કૃષિશ્રમિકોમાં બચતનું પ્રમાણ ઓછું જોવા મળે છે.**

પ્રસ્તુત સંશોધન અભ્યાસ અંતર્ગત મેળવેલ પ્રાથમિક માહિતીના આધારે કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા શ્રમિકોમાં બચત પ્રમાણ જોતાં કુલ ઉત્તરદાતા પૈકી માત્ર ૩૩.૩% શ્રમિકો બચત કરતાં હતા. જ્યારે ૬૬.૭% શ્રમિકો બચત કરતાં ન હતા. શ્રમિકોમાં બચતના સ્ત્રોતની વિગત જોતાં મોટાભાગના ૬૩.૨% શ્રમિકો ઘરમાં અને ૨૬.૩% શ્રમિકો બેંકમાં બચત કરતાં હતા. બચત ન કરી શકતા હોવાના કારણોની વિગત જોતાં ૬૩.૯% શ્રમિકોએ જણાવ્યું કે તેમને આવક કરતાં કૌટુંબિક ખર્ચનું પ્રમાણ વધારે હોવાથી તેઓ બચત કરી શકતા નથી. આમ, સંશોધન અભ્યાસ પરથી જાણવા મળેલ માહિતીના આધારે કહી શકાય કે કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા શ્રમિકોમાં એકંદરે બચતનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

**(બચત પ્રમાણ)**




- **કૃષિશ્રમિકોમાં મિલકતનું પ્રમાણ ઓછું જોવા મળે છે.**

પ્રસ્તુત સંશોધન અભ્યાસ અંતર્ગત મેળવેલ પ્રાથમિક માહિતીના આધારે કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા શ્રમિકોમાં મિલકતનું પ્રમાણ જોતાં કુલ શ્રમિકોમાંથી ૬૭.૩% શ્રમિકો મિલકત ધરાવતાં હતા. જેમાં ૨૯ (૮૫.૩%) શ્રમિકો જમીન, ૩૮.૨% શ્રમિકો મકાનની મિલકત ધરાવતા હતા. આમ, સંશોધન અભ્યાસ પરથી સ્વીકૃત પરિકલ્પનાનો અસ્વીકાર થાય છે. કારણ કે કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા શ્રમિકોમાં મિલકતનું પ્રમાણ એકંદરે સારું જોવા મળ્યું છે.

**(મિલકત પ્રમાણ)**




- **કૃષિશ્રમિકોમાં સરકારી યોજનાઓની માહિતીનો અભાવ જોવા મળે છે.**

પ્રસ્તુત સંશોધન અભ્યાસ અંતર્ગત મેળવેલ પ્રાથમિક માહિતીના આધારે કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા શ્રમિકોમાં સરકારી યોજનાની જાણકારીનું પ્રમાણ જોતાં કુલ શ્રમિકો પૈકી ૬૬.૭% શ્રમિકો સરકારી યોજનાઓ વિશે જાણકારી ધરાવતાં ન હતા. માત્ર ૩૩.૩% શ્રમિકો કે જેઓ સરકારી યોજના વિશેની જાણકારી ધરાવતા હતા. સરકારી યોજના અંગેની જાણકારી ન હોવાના કારણો પર નજર કરતાં મોટાભાગના ૭૩% શ્રમિકોએ જણાવ્યું કે તેઓને યોજના વિષેની પૂરેપુરી જાણકારી ઉપલબ્ધ હોતી નથી એટલે કે યોજના વિષેની માહિતીનો અભાવ જોવા મળે છે, જ્યારે ૧૮.૯% શ્રમિકો સાક્ષરતાના અભાવને કારણે યોજના અંગેની જાણકારી ધરાવતાં નથી.

સરકારી યોજના વિશેની જાણકારી ધરાવતા શ્રમિકોમાં ૨૦% પ્રધાનમંત્રી આવાસ યોજના, ૨૮% જનધન યોજના, ૮% ગ્રામીણ સ્વરાજ યોજના, ૨૮% મનરેગા યોજના, ૫૨% સ્વ રોજગારી યોજના અને ૪% શ્રમિકો સુકન્યા સમૃદ્ધિ યોજના વિશે જાણકારી ધરાવતાં હતા.

**(સરકારી યોજના વિશેની જાણકારી)**




## 5. સંશોધન અભ્યાસના તારણો :-

પ્રસ્તુત સંશોધન અભ્યાસ પોશીના તાલુકાના દંત્રાલ ગામના કૃષિમજૂરો પાસેથી મેળવેલ પ્રાથમિક માહિતીના પૃથ્થકરણના આધારે પ્રાપ્ત થયેલા તારણો પર નજર કરતાં....

૧. પ્રસ્તુત સંશોધન અભ્યાસ અંતર્ગત મેળવેલ પ્રાથમિક માહિતીના પૃથ્થકરણને આધારે કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા કુલ શ્રમિકોમાં જાતિ પ્રમાણ જોતાં ૬૬% પુરૂષો અને ૩૪% મહિલાઓ જોવા મળી હતી.

૨. કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા શ્રમિકોમાં ઉંમર પ્રમાણ જોતાં સૌથી વધુ ૨૧ થી ૩૦ વર્ષની ઉંમર ધરાવતાં ૪૨% શ્રમિકો જોવા મળ્યા હતા, જ્યારે ૪૧ વર્ષથી વધારે ઉંમર ધરાવતાં શ્રમિકો ૧૮%, ૩૧ થી ૪૦ વર્ષની ઉંમર ધરાવતાં ૨૨% અને ૨૧ થી ૩૦ વર્ષની ઉંમર ધરાવતા શ્રમિકો ૧૮% જોવા મળ્યા હતા.

૩. કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા શ્રમિકોમાં વૈવાહિક દરજ્જાનું પ્રમાણ જોતાં કુલ શ્રમિકોમાંથી ૭૮% પરણિત અને ૨૨% અપરણિત જોવા મળ્યા હતા.

૪. કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા શ્રમિકોમાં કુટુંબની વિગત જોતાં કુલ શ્રમિકો પૈકી ૬૮% સંયુક્ત કુટુંબમાં અને ૩૨% વિભક્ત કુટુંબમાં રહેતા હતા. જે અંતર્ગત ૯૮% શ્રમિકો પોતાના માલિકીના મકાનમાં રહેતા હતા. તેમજ ૭૨% શ્રમિકો કાચા મકાનમાં અને ૨૮% શ્રમિકો પાકા ધાબાવાળા મકાનમાં રહેતા હતા.

૫. કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા શ્રમિકોમાં સમયગાળા પર નજર કરતાં ૪૩.૫% શ્રમિકો ૧૦ વર્ષ કરતાં વધુ સમયથી કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા હતા, જ્યારે ૨૬.૧% શ્રમિકો ૭ થી ૯ વર્ષ સુધી, ૧૭.૪% શ્રમિકો ૪ થી ૬ વર્ષ સુધી અને ૧૩% શ્રમિકો ૧ થી ૩ વર્ષ સુધી કૃષિક્ષેત્રસાથે સંકળાયેલા જોવા મળ્યા હતા.

૬. કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા શ્રમિકોમાં કામનું પ્રમાણ જોતાં સૌથી વધુ ૪૦.૫% શ્રમિકોએ જણાવ્યું કે તેમને માસિક ૧૫ થી ૨૦ દિવસનું કામ મળી રહે છે. જ્યારે ૨૩.૮% શ્રમિકોએ જણાવ્યું કે તેમને માસિક ૨૧ થી ૩૧ દિવસ દરમ્યાન કામ મળી રહે છે.

૫. કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા શ્રમિકોમાં દિવસના કામના કલાકનું પ્રમાણ જોતાં ૪૮.૯% શ્રમિકોએ જણાવ્યું કે તેમને દિવસના ૮ થી ૧૦ કલાક કામ મળી રહે છે. જ્યારે ૩૧.૧% શ્રમિકોને દિવસના ૫ થી ૬ કલાક અને ૨૦% શ્રમિકોને દિવસના ૨ થી ૩ કલાક કામ મળતું હતું.

૬. કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા શ્રમિકોમાં કામના કલાકો સામે પ્રાપ્ત થતાં દૈનિક વેતનનું પ્રમાણ જોતાં ૫૭.૧% શ્રમિકોએ જણાવ્યું કે તેમને દૈનિક ૧૫૧ થી ૨૦૦ રૂ/-, ૨૧.૪% શ્રમિકોને દૈનિક ૧૦૦ થી ૧૫૦ રૂ/-, ૧૪.૩% શ્રમિકોને દૈનિક ૨૦૧ થી ૩૦૦ રૂ/- અને ૭.૧% શ્રમિકોને દૈનિક ૩૫૦ થી વધુ વેતન પ્રાપ્ત થતું હતું.

૭. કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા શ્રમિકોમાં માસિક વેતનનું પ્રમાણ જોતાં ૪૧.૯% શ્રમિકોને માસિક ૩૦૦૦ થી ૫૦૦૦ સુધીનું, ૩૦.૨% શ્રમિકોને ૫૦૦૧ થી ૭૦૦૦ સુધીનું, ૧૧.૬% શ્રમિકોને ૮૦૦૧ થી ૯૦૦૦ સુધીનું અને ૧૬.૩% શ્રમિકોને માસિક ૧૦૦૦૦ કરતાં વધારે વેતન પ્રાપ્ત થતું હતું.

૮. કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા શ્રમિકોમાં દેવાની વિગત જોતાં ૪૫.૮% શ્રમિકો દેવું ધરાવતાં હતા, જેમાં ૪૭.૪% લોકો ૧.૫૦ લાખ કરતાં વધુ રકમનું દેવું ધરાવતાં હતા. જ્યારે ૧૦.૫% શ્રમિકો ૫૦ હજાર સુધીનું, ૨૧.૧% શ્રમિકો ૮૦ હજાર સુધીનું અને ૨૧.૧% શ્રમિકો ૧ લાખ સુધીનું દેવું ધરાવતાં હતા. જેમાં મોટાભાગના ૩૯.૧% શ્રમિકોએ મિત્ર વર્તુળમાંથી અને૩૪.૮% શ્રમિકોએ સગા-સબંધી પાસેથી, ૧૭.૪% શ્રમિકોએ મંડળીમાંથી અને ૮.૭% શ્રમિકોએ બેંકમાંથી દેવું લીધેલું હતું.

૯. કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા શ્રમિકોમાં ૮૫.૭% શ્રમિકો BPL રેશન કાર્ડ ધરાવતાં હતા, જ્યારે ૧૪.૩% શ્રમિકો APL રેશનકાર્ડ ધરાવતા હતા.

૧૦. કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા શ્રમિકોમાંથી ૮૭.૨% શ્રમિકોએ સ્વીકાર્યું કે મજૂરી સમયે તેમને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. જેમાં ૨૪.૪% શ્રમિકોના મતે તેમને કામના વધુ પડતાં કલાકો, ૪૮.૮% શ્રમિકોને ઓછું સરેરાશ વેતન, ૧૭.૧% શ્રમિકોને માનસિક અને શારીરિક શોષણ, ૪.૬% શ્રમિકોએ માલિકોની જોર જબરજસ્તી તેમજ ૨૯.૩% શ્રમિકોએ અન્ય મુશ્કેલીઓ જણાવી હતી.

૧૧. કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા શ્રમિકોમાંથી ૮૯.૮% શ્રમિકોની આર્થિક સ્થિતિની મધ્યમ જોવા મળી હતી. માત્ર ૮.૨% શ્રમિકોની આર્થિક સ્થિતિ સારી જોવા મળી હતી. જ્યારે ૨% શ્રમિકોની આર્થિક સ્થિતિ ખરાબ (અતિ પછાત) જોવા મળી હતી.

૧૨. કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા શ્રમિકોમાંથી ૭૦.૨% શ્રમિકોએ સ્વીકાર્યું કે તેઓને કૃષિક્ષેત્રે આધુનિક ટેક્નોલૉજીકલ યંત્રોના વપરાશથી તેમની મજૂરીમાં ઘટાડો થયો છે. તેમજ ૬૧.૨% શ્રમિકોને ટેક્નોલૉજીકલ યંત્રો વપરાતા આવડતું ન હતું. કારણ કે તેઓમાં જરૂરી તાલીમ અને માર્ગદર્શનનો અભાવ જોવા મળ્યો હતો. તે ઉપરાંત ૧૬.૭% શ્રમિકોએ જણાવ્યું કે તેઓ નિરક્ષરતાને કારણે અને ૧૧.૧% શ્રમિકોએ કુશળતાના અભાવને કારણે તેમજ ૫.૬% શ્રમિકોએ ડર લાગવાને કારણે યંત્રોનો વપરાશ કરી શકતા ન હોવાનું જણાવ્યું હતું.

૧૩. કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા શ્રમિકોમાંથી ૮૭.૨% શ્રમિકોએ સ્વીકાર્યું કે કૃષિક્ષેત્રમાં મજૂરી કરવાથી તેમની આર્થિક-સામાજિક સ્થિતિ (જીવન ધોરણ) માં નોંધપાત્ર સુધારો થયો છે.

## 6. સંશોધન અભ્યાસના સૂચનો :-

પ્રસ્તુત સંશોધન અભ્યાસ પોશીના તાલુકાના દંત્રાલ ગામના કૃષિમજૂરો પાસેથી મેળવેલ પ્રાથમિક માહિતીના પૃથ્થકરણના આધારે પ્રાપ્ત થયેલા તારણોને આધારે ભાવિ સૂચનો અનિવાર્ય બને છે કે જેથી જે પણ મર્યાદા પ્રસ્તુત અભ્યાસ દ્વારા જાણવા મળે છે તે ભાવિ સંશોધન અંતર્ગત ઉપયોગી થઈ ભાવિસંશોધન અભ્યાસની દિશાભિમુખતા દર્શાવવામાં ઉપયોગી પુરવાર થાય છે.

૧. કૃષિક્ષેત્રમાં કામ કરતાં શ્રમિકોમાં નિરક્ષરતાનું પ્રમાણ ઘટાડવા માટે ગ્રામીણ વિસ્તારોમાં પ્રૌઢ શિક્ષણ ફરજિયાત શરૂ કરવું કે જેના માધ્યમથી શ્રમિકો વચન લેખન કરતાં થઈ શકે.
૨. સરકાર દ્વારા બહાર પાડેલા લઘુત્તમ વેતનધારા પ્રમાણે કૃષિશ્રમિકોને કામના કલાકો સામે યોગ્ય વેતન મળે છે કે નહીં તે જાણી તેમને યોગ્ય વેતનની ચુકવણી કરવાના પ્રયત્નો કરવા.
૩. કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા શ્રમિકો કે જેઓ કૃષિ સિવાયના સમયમાં બેકાર બની રહે છે તેવા શ્રમિકોને નાનાં ગૃહ ઉધોગ કે નાના પાયાના ઉધોગો વિશે જાણકારી આપીને તેમને રોજગારી પૂરી પાડવી.
૪. સરકારી યોજનાઓ અંતર્ગત શ્રમિકોને માહિતગાર કરી જરૂરિયાતમંદ લોકોને આ યોજનાઓનો લાભ મળી રહે તેવા પ્રયત્નો કરવા.
૫. મજૂરી સમયે સ્ત્રી-પુરૂષમાં કોઈ જાતનો ભેદભાવ ન થાય તેમજ તેઓને કામના કલાકો સામે યોગ્ય વેતન મળી રહે તેવા પ્રયત્નો હાથ ધરવા.
૬. કૃષિક્ષેત્રમાં કામ કરતાં શ્રમિકોમાં કામના સ્થળે પ્રાથમિક જરૂરિયાતો જેવી કે પીવા માટે શુદ્ધ પાણી, જમવાની વ્યવસ્થા તેમજ શૌચાલયની વ્યવસ્થા ઉપલબ્ધ કરવી.
૭. કૃષિક્ષેત્રમાં કામ કરતાં શ્રમિકોને મજૂરી કામ સમયે આકસ્મિક બનાવ બને ત્યારે તેઓને માલિકો દ્વારા આર્થિક સહાય કરી આપવાના પ્રયત્નો કરવા.
૮. કૃષિક્ષેત્રમાં શ્રમિકોને વીમાકવચ પૂરું પાડવામાં આવે તે અંગેના પ્રયાસો કરવા કે જેથી આકસ્મિક બનાવમાં અપંગતાના કે મૃત્યુના કિસ્સામાં તેમના પરિવારને આર્થિક સહાય સ્વરૂપે નાણાંકીય વળતર મળી રહે.
૯. કૃષિક્ષેત્રમાં કામ કરતાં શ્રમિકોને નવીન ટેક્નોલૉજીકલ યંત્રોથી માહિતગાર કરવા કે જેથી તેઓ તેનો વપરાશ કરી શકે અને બેકારીની દિશા તરફ ન ધકેલાય તેવા પ્રયત્નો કરવા.
૧૦. કૃષિક્ષેત્રે કામ કરતાં શ્રમિકોની આર્થિક-સામાજિક (જીવન ધોરણ) માં નોંધપાત્ર સુધારો થાય તેમની આવકમાં વધારો થાય તેવા પ્રયત્નો હાથ ધરવા.

## સંદર્ભગ્રંથ:


1. Dr. Muna Kalyani, Indian Agricultural Labour, Policy, Prospects & Problems, International Journal of Social Relevance & Concern, ISSN-2347-9698, Volume 4 Issue 2 February 2016.
2. Alagh, Yoginder. K., 1989/1995, Planning and Policies for Indian Agricultural Research, Shastri Memorial Lecture, Reprinted in ICAR. Landmarks in Indian Agriculture.
3. Alagh, Yoginder. K., 1994, Macro Policies for Indian Agriculture, in FAO, Economic Liberalization and Indian Agriculture, New Delhi, ISID, pp 23-54.
4. Dyson, T., 2003a, New Population Projections for India , Wellcome Trust India Project Paper No.1, London, L.S.E.
5. Sing C.B., A Text Book of Agricultural Economics, Laxmi Publications P.Ltd., New Delhi, 2011.
6. Agricultural Growth in Indian Economy - Regional Experiences and policies, the Indian Economic Journal, Special Issue, December - 2013.